# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૫/૦૫/૨૦૨૬ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૭૩૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૨૩૨ લીટર દેશી દારૂ, ૩૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૯૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૬૪ બીયરટીન, ૦૨ સ્કુટર અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૦૯ કેસ કરી ૩૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૦,૩૧૫/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ–** **સમાચાર યાદી નં.૭૩૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સોનાનું મંગળસુત્ર ખેચી તોડી લઈ ગયાઃ–** **સમાચાર યાદી નં.૭૩૫/૨૦૨૬**

**અમરાઈવાડીઃ** હેમલતાબહેન વા/ઓ કેશરીમલ જૈન (ઉ.વ.૪૮)(રહે.ધારા કોલોની, કાશીબા સ્કુલ પાસે, મહાદેવનગર આર.ટી.ઓ રોડ, વસ્ત્રાલ) એ તા.૨૪/૦૫/૨૦૨૬ ના રોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૫/૨૦૨૬ સવારના ૬/૦૦ થી ૬/૩૦ વાગ્યા દરમ્યાન અમરાઈવાડી રબારી કોલોની મેટ્રો સ્ટેશન નજીક એક મોટર સાઈકલ ઉપર આવેલ બે પુરૂષ હેમલતાબહેનના ગળામાંથી સોનાનું મંગળસુત્ર કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/– ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી બી.કે.જાડેજા ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૭૩૬/૨૦૨૬**

**ગુજરાત યુનિવર્સીટીઃ** રીષભભાઇ હસમુખભાઇ સુથાર (ઉ.વ.૨૫)(રહે.જામ એપાર્ટમેન્ટ, શાંતિપથ સોસાયટી, દાદા સાહેબ પગલા પાસે, નવરંગપુરા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૫/૨૦૨૬ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જે.રાતડીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી